# ભવાઈ: કલા, કલાકાર અને વારસો

ગાંધી દીક્ષિતા દિલિપભાઈ

**<u>પ્રસ્તાવના</u>**

ભવાઇએ ગુજરાતનું એક પરંપરાગત લોકનાટય સ્વરૂપ છે. ભવાઇમાં 'ભવ' એટલે 'વિશ્વ', 'જગત' અથવા 'સર્વકાળ', 'આઇ' એટલે 'જગદંબા' ગણી છે. ભવાઈમાં અંબાની ભકિત કેન્દ્રમાં રાખી નાટક ભજવવામાં આવે છે. નવરાત્રીમાં ભવાઈ દ્રારા અંબાજીની પૂજા કરવામાં આવે છે. ભવાઈની ઉત્પતિ વિશે અલગ અલગ મત જોવા મળે છે.

ભવાઈની વેશભૂષા,શૃગાર તેની પરંપરા અને શકિત પ્રમાણે અલગ અલગ હોય છે. છંતા પણ ખાસ તેમાં ભડકીલા રંગ, ચમકદાર વસ્ત્રો, મુલાયમ નાયલોન કે રેશમી વસ્ત્રોનો વધારે ઉપયોગ કરવામાં આવે છે. કેટલાક નાટકોમાં પદ્યાત્મક સંવાધો વિશેષ જોવા મળે છે. ભવાઈના રાગ, શાસ્ત્રીય રાગ કરતા ભિન્ન લોકરાગમાં રંગાયેલા જોવા મળે છે. લાવણી, ગઝલ, છંદ, સવૈયા, દૂહા લોકભાષામાં પ્રસ્તુત કરવામાં આવે છે. તેમાં સંવાદ અને અભિનય ધ્વારા સામાજિક, રાજનૈતિક વિષયો પર વ્યંગ કરવામાં આવે છે. ભવાઈ લોકમાન્યતાઓને પ્રસ્તુત કરે છે.

**<u>કલા:</u>**

ભવાઈએ ગુજરાતની પોતાની કહી શકાય એવી કલા છે. તે વારે તહેવારે અને ખાસ કરીને નવરાત્રીમાં દેવી ઉપાસના તરીકે ભજવાય છે. ભવાઈ નાટયાત્મક રીતે રજૂ કરવામાં આવે છે અને તે લોકભાષામાં રમાતી અને ખેલાતી હોવાથી તે પોતાની અલગ વિશેષતા ધરાવે છે. અહીં સંવાદ અને સંગીતનું અદ્‌ભૂત સમન્વય જોવા મળે છે. ભવાઈમાં બધા પાત્રો પુરુષો દ્રારા જ ભજવવામાં આવે છે. જેમાં સ્ત્રી પાત્રો પણ પુરુષો જ ભજવે છે. તેમાં પરંપરાગત પોશાકો, ભાતીગળ ભાષાશૈલી અને સ્થાનિક કથાવસ્તુ પર ધ્યાન આપવામાં આવે છે.

ભવાઈમાં મુખ્યત્વે ભૂંગળ, ત્રાંસુ, સતાર, મંજીરા, કાંસીજોડા, પખાજ, વાંસળી, મૃદંગ, માણ, તબલા, ઢોલક, નગારૂ વગેરે વાજીત્રો વપરાય છે. ભવાઈમાં પ્રસંગ પ્રમાણે અલગ અલગ વાજિંત્રો વગાડવામાં આવે છે. વાજિંત્રો સાથે યોગ્ય રીતે કામ લેવાની અનોખી કલા તેમનામાં હોય છે. જે ભવાઈને વધારે રસપ્રદ અને મનોરંજક બનાવી દે છે અને ભવાઈ લોકોના મન પર સચોટ અસર પહોચાડે છે. ભવાઈ મોટે ભાગે ખુલ્લા મેદાનમાં અથવા નાના ચોક જેવી જાહેર જગ્યાએ ભજવવામાં આવે છે. લોકનાટકની વેશભૂષા તથા શૃગાર તેમની પરંપરા અનુસાર અલગ અલગ હોય છે.

આ કલાકારો પોતાની કલાપ્રદર્શથી જ પોતાનું ગુજરાન ચલાવવાનું અને ભવાઈ ભજવવા માટે તેમાથી જ વેશભૂષા માટેના વસ્ત્રો, ધરેણા, વાદ્યો ખરીદવાના હોય છે. આપણા સાંસ્કૃતિક મૂલ્યોને જાળવતા અને તેને ઉપર ઉઠાવવા

માટે સતત પ્રવૃત આવા કલાકારોને ઘણી આકરી પરિસ્થિતિનો સામનો કરવો પડતો હોય છે. પોતાના કલાપ્રદર્શન માટે જુદી જુદી જગ્યાએ ભટકવું પડતું હોય છે. આમા, ભારતની કેટલીક જ્ઞાતિનો સમાજ તેમની કેટલીય પેઢીથી જોડાયેલો હોય છે. પેઢીઓથી આ પરંપરાને જાળવતા આ લોકોમાં કલાના અખૂટ ભંડારો જન્મજાત જ જોવા મળે છે.

આશરે ત્રણ – ચાર સતક પહેલા મોટા નગરો અને ગામડાઓમાં મનોરંજન અને લોકશિક્ષાનું મુખ્ય અને એક માત્ર સાધન ભવાઈ હતી.  આંતરિક પ્રદેશોમાં કે જયાં તે સમયે વિજળી ન હતી ત્યાં કલાકારો બળદગાડી લઈ ને જતાં. રાતે આખુ ગામ કે જન સમુદાય એક સ્થળે ભેગા થતા અને ત્યાં ખુલ્લા ચોક માં ભગાઈ ભજવાતી. અને ભવાઈના કલાકારો લોકોનું મનોરંજન કરતા. ગ્રામ્ય વિસ્તાર માટે મનોરંજનનું સાધન 'ભવાઈ' એક માત્ર હતું. તે સમયે સિનેમાની ગરજ 'ભવાઈ'  સારતી હતી. મોટા નગરો અને ગામડાઓમાં ભવાઈમાં મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્ર થતો હતો.

**<u>વારસો:</u>**

ભવાઈની શરૂઆત સિધ્દ્રપુરના બ્રાહમણ કુળમાં જન્મેલા કવિ, કલાકાર અસાઈત ઠાકરે કરી હતી. ચૌદમી સદીમાં ગુજરાતના પ્રદેશોમાં પ્રચલિત નાટયકારોમાંથી પ્રેરણા મેળવી અસાઈત ઠાકરે એક નવા નાટયપ્રકાર – ભવાઈનું સર્જન કર્યું હતું. ભવાઈનું વાચિક ગેય પદ્યમાં કે ગદ્યમાં પણ હોય છે. અસાઈત ઠાકરે આશરે ૩૬૦ ભવાઈ વેશ લખ્યાની લોકવાયકા છે. તેમાં 'રામદેવનો વેશ' જૂનામાં જૂનો છે. તેમણે સામાજિક કુરિવાજો ઉપર પ્રહારો કરતા વેશો પણ આપ્યા છે. 'કજોડાનો વેશ' નાનકડા વર અને યુવાન પત્નિના જીવનનો ચિતાર આપે છે. તેમાં રંગલોએ બેની વચ્ચેના સંવાદો જોડતો, હસાવતો અને કટાક્ષ કરતો હોય છે. મોટાભાગના વેશોમાં બેથી ત્રણ પાત્રો એકસાથે ચાચરમાં આવે છે.

ભવાઈના કેટલાક વેશોમાં મુસ્લિમ શાસનની અસર દેખાય છે. હિંદુ રજવાડાંના ઠાકોરો વિશેના વેશોમાં રાજાદેધણ, વીકો સિસોદિયો, રાજદેવ, મણીબા સતી, વગેરે મુખ્ય છે. ધાર્મિક વેશોમાં કાન – ગોપી, કાળકા, પતાઈ રાવળ, ગણપતિ વગેરે મુખ્યની છે. કંસારો, સરાણિયો, અડવો, વાળંદ વગેરે કામોની ખાસિયતો, ધંધો, બોલી, રીતરિવાજો અને સામાજિક દુષણો ઉઘાડા પાડતા વેશો, 'કજોડાવેશ', 'બાવાનો વેશ' વગેરે છે. મોટા રાજવીને લગતા વેશોમાં 'સધરા જસંગ' અને 'જસમા ઓડણ' જાણીતા છે.

સિનેમા, ટીવી, રેડિયો જેવાં સાધનો ન હતા તે યુગમાં વિભિન્ન વેશો દ્વારા લોકોને જ્ઞાન, શિક્ષણ અને મનોરંજન પૂરા પાડવામાં આવતાં. આ ભવૈયાઓનો સામાજિક દરજ્જો ઉંચો હતો. તેઓ જયારે ગામમાં પ્રવેશતાં ત્યારે લોકોઢોલ – નગારાં સાથે તેમનું સામૈયું કરતા. ગામની બધી કોમો તેમાં સંકળાયેલી રહેતી. આમ, ભવાઈ લોક જીવનના તાણા – વાણા સાથે વણાઈ ગઈ હતી અને પોતાની અનોખી છાપ સાથે મુકતપણે વિહરતી હતી. શાસ્ત્રકારોએ ભવાઈને 'ભાવપ્રધાન નાટકો' કહયાં છે.

ભવાઈના કલાકારો એક રીતે ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્યોની જાળવણી કરી રહયા છે. આ એક મૌખિક પરંપરા છે. અહીં ગણપતિ, ગોતરેજ, ગ્રહશાંતિ, વરઘોડા, પીઠી વગેરે પ્રકારની વિધિઓમાં ગવાતા ગીતો અને તેની મૌખિક પરંપરાની જાણવણી કરતા જોવા મળે છે. ભવાઈમાં લોકભાષા, જીવન, વિચારો અને રહેણી – કરણી વણાયેલી જોવા મળે છે.

ભવાઈમાં સામાજીક, ઐતિહાસિક,પૌરાણિક, વાર્તા, દંતકથાઓ, રૂઢિઓ, અંધશ્રધ્ધાઓ વગેરેથી વેશ બનેલા હોય છે. તેના જુદા જુદા વેશો અને જુદી જુદી સ્વતંત્ર વાર્તાઓ છે. તેમાં જુદા જુદા ભાવો જેવા કે શોર્ય, અધીરાઈ, કોમળતાનું વર્ણન થતું હોય છે. વિવિધ ભાષાઓ, બોલીઓનો એમાં છૂટથી ઉપયોગ થયો છે. વિવિધ રસોને તેમાં બહેલાવવામાં આવ્યો છે. શૃગાર અને હાસ્ય રસ તેમા વિશેષ રીતે વિકસ્યો છે. આમ, ભવાઈમાં સચોટ રીતે સમાજ જીવનનું દર્શન કરાવે છે.

ભવાઈ વિશે રમણલાલ મહીપતરામ નીલકંઠના 'રાઈનો પર્વત', દલપતરામના 'મિથ્યાભિમાન', ચંદ્રવદન મહેતાનું 'લોક ભવાઈ', જશવંત ઠાકરનો 'અછૂતનો ભવાઈ વેશ' 'ઝંડાઝૂલણનો વેશ', ધીરુબેન પટેલનું 'ભવની ભવાઈ' અને જનક દવેએ સામાજિક અને રાષ્ટ્રિય સમસ્યાઓ પર વેશ લખ્યા છે. આમ, સાહિત્યમાં ભવાઈ પર ઘણી રચનાઓ જોવા છે. જનક દવેએ સાક્ષરતા, રાષ્ટ્રિયતા, એકતા, અસ્પૃશ્યતા નિવારણ વગેરે પર વાત કરી છે. તે ગુજરાતી સાહિત્ય અને ભવાઈ બન્ને વિશે મહત્વની વાત છે. આમ, આપણે કહી શકીએ કે ભવાઈ સમય સાથે બદલાતી રહી છે.

મંચ વગરપ્રસ્તુત થતી ભવાઈને બદલે નાટકો માટે શરૂઆતમાં ઉચાઈ ધરાવતા મંચ (પ્લેટફોર્મ) આવતા ગયા. પછી ધીરે ધીરે નાટયમંચની રચના થતી ગઈ. દલપતરામ ધ્વારા 'ભવાઈ' માં અસંસ્કારી તત્વનો પ્રભાવ ઘટાડવાના હેતુથી એક નાટયજૂથની રચના કરવામાં આવી. આમ, ધીરે ધીરે નાટકો વધુ લખાતા ગયા અને ગુજરાતી સાંસ્કૃતિક વિષય અને વસ્તુઓ વધતી ગઈ. પછી તો રંગભૂમિનાં જૂથો ભવાઈ પરંપરા, પારસી રંગભૂમિ તેમજ ભારતીય અને પશ્ચિમી 'ભવાઈ' અને ભારતીય અને પશ્ચિમી નાટયશાસ્ત્ર ધ્વારા સંસ્થાપિત તત્વોથી અલગ થતા ગયા.

## કલાકાર:

### જયશંકર ભોજક :

શરૂઆતના સમયગાળાથી જ ભવાઈના કલાકારોને સન્માન પ્રાપ્ત થયેલ છે. કલાકારોની વાત આવે એટલે સૌપ્રથમ જયશંકર સુંદરીનું નામ યાદ આવે. જન્મ ૩૦ જાન્યુઆરી ૧૮૮૯ના રોજ થયો હતો. પ્રસિધ્ધ કલાકાર જયશંકર ભોજક, તેમણે રંગભૂમિ પરિષદમાં વ્યાખ્યાનમાં ભવાઈની વાત કરી હતી. તે જાતે જ ખૂબ પ્રખ્યાત કલાકાર હતા, તેની નામના ગુજરાત અને ગુજરાત બહાર પણ હતી. સ્ત્રી પાત્રો ભજવવામાં ખૂબ નિપૂણતાને કારણે તેમણે 'સુંદરી' નું બિરુદ પ્રાપ્ત થયેલું. ૧૯૪૮ થી ૧૯૬૨ સુધી તેઓ અમદાવાદમાં રંગભૂમિમાં દિગ્દર્શક રહયા હતા. ઈ.સ. ૧૯૪૮ માં અમદાવાદ ખાતે રસિકલાલ પરિખ અને ગણેશ માવળંકરની સાથે નાટય વિદ્યામંદિરની રચના કરી. તેમાં તેઓ આર્ચાય બન્યા. આ વિધામંદિરમાંથી નાટકશાળા 'નાટયમંડળ'નો જન્મ થયો અને દલપતરામના નાટક 'મિથ્યાભિમાન' વડે લોકકલા ભવાઈ ને પુનઃ જીવિત કરી. ૧૯૫૩માં તેમણે 'મેના ગુર્જરી' જેવા નાટકો વડે ભવાઈ અને બેઈજિંગ ઓપેરા જેવી કળાનું મિશ્રણ કર્યુ હતું. અમદાવાદમાં એક નાટયગૃહને તેમની યાદમાં જયશંકર 'સુંદરી' નાટયગૃહ નામ આપવામાં આવ્યું છે. અને વડનગર, ઉત્તર ગુજરાતમાં આવેલું ભવાઈ ગર્વમેન્ટ મ્યુઝિયમ તેમના કાર્યોનું પ્રદર્શન ધરાવે છે.

### ધનશ્યાક નાયક:

ગુજરાતી મૂળ ધરાવતા જાણીતા અભિનેતા પાશ્વ ગાયક અને ડબિંગ કલાકાર છે. જેમાં 'મુંબઈનો રંગલો' તરીકે પણ ઓળખાય છે. એમણે આઠ વર્ષની ઉમંરે અભિનય કારકિર્દીની શરૂઆત કરેલી. રંગભૂમિ તેમજ ભવાઈ ઉપરાંત તેમણે ઘણાં હિન્દી અને ગુજરાતી ચલચિત્રોમાં અભિનય કલા, સબ ટીવી પ્રસારીત થતી દૈનિક ધારાવાહીક 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' માં તેઓએ નટવરલાલ પ્રભાશંકર ઉઢાંઈવાલા (નટુકાકા) નું પાત્ર ભજવી રહયા છે. તેઓ વર્ષોથી રંગભૂમિના રંગલો શ્રૈણીના ભવાઈ નાટકોમાં ભાગ લેતા આવ્યા છે.

ધનશ્યામ નાયકનો જન્મ ૧૨મે, ૧૯૪૫ ના રોજ મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના ઊઢાંઈ ગામમાં થયેલો. તેમણે આશરે ૧૦૦ જેટલા નાટક અને ૨૨૩ જેટલા ચલચિત્રોમાં અભિનય કરેલો છે. તેમણે બાળવયે શોભાસણ ગામે આવેલા રેવડીયા માતાના મંદિરે ભવાઈમાં સ્ત્રીપાત્ર ભજવ્યું હતું અને ત્યાર પછી રામલીલામાં બાળકલાકાર તરીકે કામ શરૂ કર્યુ.

**વિનોદભાઈ રમેશભાઈ નાયક:**

લોકનાટય 'ભવાઈ'ના કલાકાર તરીકે પ્રસિધ્ધ થયેલા દેશ – પરદેશ માં ખ્યાતિ પ્રાપ્ત કરેલ છે. તેઓ બાળપણથી જ વારસામાં મળેલી લોકનાટય ભવાઈની કલા સાથે સંકળાયેલી છે. તેમણે દર્પણ અકાદમી ખાતે વિદ્યાથીઓને ભવાઈની સંપૂણ તાલીમ આપેલ છે.

વર્તમાન સમયમાં લુપ્ત થતી જતી ભવાઈની અસર પરંપરાનું મૂળ બંધારણ પ્રમાણે વહન કરતા હોય એવા જૂજ કલાકારો પણ જોવા મળતા નથી. એવા સમય સંજોગોમાં વિનોદભાઈ પોતે ભવાઈની કલાના વારસાને યથાવત જાળવી રહયા છે. તેઓ ભવાઈ કલાના વારસાને જાળવવા અને નાયક જ્ઞાતિની વારસામાં મળેલ લોકનાટય પરંપરાને ટકાવવા તેમજ પુનર્જીવીત કરવા માટે અથાગ મહેનત કરી રહયા છે. ભૂંગળ, કાંસી જોડા અને તબલાં જેવા વાદ્યો કે જે લોકનાટય ભવાઈ દરમિયાન વપરાતા મૂળ વાજિત્રો છે. તેને વગાડવામાં પણ પારંગતતા હાસલ કરેલી છે.

આકાશવાણી અને દૂરદર્શી કેન્દ્ર, અમદાવાદ જેવો દશ્ય શ્રાવ્ય માધ્યમો દ્વારા તેમનો ભવાઈના કાર્યક્રમોનું એકવાર પ્રસારવા થયેલ છે. ૧૯૯૬ના વર્ષમાં અમૂલ ડેરી માટે બનાવેલ દસ્તાવેજી ચિત્ર પણ ભવાઈરૂપ હતું. તેમા વિનોદભાઈએ ડાયરેકટર રાકેશ મહેશ સાથે રહી કામ કર્યુ હતું. તેમણે ૧૯૯૮ના વર્ષમાં 'નેશનલ સ્કુલ ઓફ ડ્રામા' ના વિદ્યાથીઓને ભવાઈ શીખવવા આવ્યા હતા. તેમની સમક્ષ ભવાઈના વેશો રજૂ કરી લોકનાટયની ઝીણવટભરી તાલીમ આપી હતી. ૨૦૦૬ ના વર્ષમાં એક જ વાર બનવવામાં આવેલ ભવાઈ, 'ઈતિહાસ કા આયના', માટે સૂચના અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર સાથે રહી લેખનથી માંડી તમામ પાસાંઓમાં વિનોદનાયકે અસરકારક યોગદાન આપેલ છે. તેમણે અનેક ભવાઈ શિબિરમાં તજજ્ઞ તરીકે સેવાઓ આપેલ છે.

ભવાઈની વર્તમાની સ્થિતિને જોતા લાગે છે કે એ ઘણી નબળી પડી ગઈ છે. તેના કલાકારો ભવાઈ સિવાય બીજી પ્રવૃતિ  કે કામ કરવા માટે મજબૂર બની ગયા છે. પહેલા કરતા ભવાઈ તરફ લોકોનું આકર્ષણ ઓછું થતું નજરે પડે છે. ભવાઈની ઓછી માંગ, આધુનિક સંચાર માધ્યમનો પ્રભાવ, આ બધા કારણે લોકો ભવાઈનો વ્યવસાય છોડી રહયાં છે. આપણા સાસ્કૃતિક વારસાની અને તેની જાળવણી કરનારની આવી દશા બધાને સરમાવે તેવી છે. ગુજરાતી રંગભૂમિના વિકાસનો પાયો નાખનાર ભવાઈ, ગુજરાતના રંગમંચે ભૂલાઈ રહી છે. ચાલો ફરી તેને આવકારીએ અને ફરી તેને સમ્માનનીય બનાવીએ. આમ, આપણી ગુજરાતી સંસ્કૃતિની જાળવણી કરવીએ.

**સંદર્ભ :**

ભવાઇ : સ્વરૂપ અને લક્ષણો      કૃષ્ણકાંત ઓ. કડકિયા

પંચમહાલી નાયક      વિનુ બામણિયા

ઈન્ટરનેટ સુવિધાનો લાભ લીધેલ છે.